## જન્મદિને વધામણી



ઉરેન પટેલ
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૪૨૬૦ ૧૧૦૦૮



પ્રજ્ઞા ગજ્જર
કોરિયોગ્રાફર
મો. : ૯૯૦૪૨ ૫૧૬૫૧



દશરથલાલ એમ પરમાર
સહમંત્રી, આરોગ્ય કન્વીનર
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ



પ્રેમલસિંહ પી ગોલ
ડિરેક્ટર
આકાશ ઇન્ફ્રા પ્રોજેક્ટ લિ.
મો. : ૯૮૨૫૮ ૦૩૫૫૩



ભાવેશકુમાર પી ઠાકર
મો. ૯૦૯૯૦ ૧૩૧૮૩

# અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજમાં પક્ષી બચાવવા અંગે જાગૃતિ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૧૨

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસૅસ યુનિટ દ્વારા ગુરુવારે 'સેવ બર્ડ' અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

ઍનઍસૅસના સ્વયંસેવકોએ દરેક ક્લાસમાં જઈ ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને ચાઈના દોરી નહીં ઉપયોગ કરવા અંગે અને સવારે તથા સાંજે બે-બે કલાક પતંગ નહીં ચગાવવા અંગે વિદ્યાર્થીઓને સંકલ્પ લેવડાવ્યા હતા. માનવતાના આ કાર્યમાં સમગ્ર કૉલેજના વિદ્યાર્થીઓએ સહકાર આપ્યો હતો અને પોતાનાં સૅક્ટર, ગામ કે વિસ્તારમાં પણ આ અંગે જાગૃતિ ફેલાવવા અંગેની ખાતરી ઉચ્ચારી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ઍનઍસઍસ સૅક્રેટરી કુલદીપ રથવી, વિરલ ચાવડા, જયસુખ પરમાર, ભરત ચાવડા, મનન રાવલ, હસ્તી આલોન્દ્રા, આષ્કા જોષી, ઉત્કર્ષ, ઉત્કર્ષ મિસ્ત્રી, સાહિલ તેજાણી, શ્રદ્ધા પટેલ, કિરણ મોરી, જયદીપ ચાવડા, ભવદીપ વાળા, નિલેષ સિંધવ, હરદીપ સિંધવ, ઉદિત લકુમ ઉદિત, ઋષિ બાવરવા, વત્સલ ભાવસાર વગેરેએ સક્રિય સહકાર આપ્યો હતો. વિદ્યાર્થીઓને માનવતાભર્યું આ કાર્ય કરવા બદલ કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## સિસિકા અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના સંયુક્ત ઉપક્રમે

# સાદરામાં રક્તદાન શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૧૨

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર તથા શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યા શાખા સાદરા ના સંયુકત ઉપક્રમે રક્તદાન શિબિર યોજાઈ.

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા સાદરા તથા સીનીયર સીટીજન કાઉન્સિલ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સાદરા ખાતે તા.૧૧-૧-૨૦૧૮ના રોજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું. સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થના દ્વારા કરવામાં આવી તથા મુખ્ય મહેમાન સહ પ્રાધ્યાપક ડો. રમેશ ભાઈ પટેલ, સંસ્થાના ડીન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા, ડો. નિરજભાઈ સિલાવટ દ્વારા પ્રારંભિક ઉદબોધન કર્યા બાદ શિબિરનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. શિબિરમાં કુલ ૮૨ રકતદાતાઓએ રક્તદાન કર્યુ. ૫ જેટલી વિદ્યાર્થિનીઓએ પણ રક્તદાન કર્યું અને નારીશકિતનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું. શિબિરને સફળ બનાવવામાં ડો.સિલાવટે ભારે જહેમત ઉઠાવી. સંસ્થાના અન્ય પ્રાધ્યાપકો ડો. જગદીશભાઈ ગોઠી ,અરવિંદભાઈ રામી ,વિજય ભાઈ મકવાણા, જગદીશચંદ્ર સાવલિયા, નૈનેશ ભાઈ વસાવા, ગીતાબેન પટેલ, દલસનભાઈ ચૌધરી, ઉદાજી પરમાર તથા ડોક્ટર નિમેષભાઈ ચૌધરીએ સુંદર સહયોગ પુરો પાડ્યો હતો.

સિ.સિ.કા.ના પ્રમુખ હસમુખભાઈ શાહ, રવીન્દ્ર ભાઈ દવે,રામલાલભાઈ શાહ, રસિક ભાઈ ગાંધી,તથા જીવણભાઈ શાહ વિ. સર્વેનો શિબિરના આયોજન અને સંકલનમાં સહયોગ પ્રાપ્ત થયો હતો. સિવિલ હોસ્પિટલના જરૂરીયાત મંદ દર્દીઓ માટે રક્ત એકત્રીકરણ ની કામગીરી માટે હોસ્પિટલના ડો.નિતલબેન પંચાલ, ડો. કોમલબેન જોષી ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી. હોસ્પિટલના અન્ય સ્ટાફ મેમ્બર નો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

# કેઍસવી દ્વારા યુવા દિવસ ઉજવાયો



કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા બ્રહ્માણી કૃપા હોલ, સેક્ટર-૨૩ ખાતે ગુરુવારે સ્વામી વિવેકાનંદ જયંતિ (રાષ્ટ્રીય યુવા દિવસ)ની ઉજવણીમાં ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધી હતો. કાર્યક્રમની શરૂાતમાં સ્વાગત પ્રવચનમાં ડૉ. ધર્મેન્દ્ર પટેલદ્વારા યુવાનોને સફળ જીવન માટે વિવેકાનંદજીના પાંચ સિદ્ધાંતો 'આત્મશ્રદ્ધા, આત્મજ્ઞાન, આત્મ-નિર્ભરતા, આત્મ સંયમ અને આત્મ ત્યાગ'ને અનુસરવાની વાત કરવામાં આવી હતી.

કાર્યક્રમના મહેમાન વક્તા તરીકે રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્ર, ગાંધીનગરના અધ્યક્ષ રજનીભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે આરોગ્ય સાધના, જ્ઞાન સાધના અને ધ્યાન સાધનાની વાત કરી હતી. તેમણે યુવાનોને જ્ઞાતિ, જાતિના બેદભાવથી ઉપર ઊઠીને રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. કાર્યક્રમનું સફળ સંકલન અને આયોજન ડૉ. રણછોડ રથવી, ડૉ. ધર્મેન્દ્ર પટેલ, રોનક કડીયા, મનન પટેલ, સુરજ મુંજાણી, ભવદીપસિંહ વાળા તથા એનએસએસ અને સર્વ નેતૃત્વ ગૃપના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

# કીડ ઝી પ્લે ગૃપ દ્વારા ઉત્તરાયણની ઉજવણી કરાઈ



ચાંદખેડામાં 'કીડ ઝી' પ્લે ગૃપ દ્વારા ઉત્તરાયણની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. પ્લે ગૃપનાં પ્રિન્સિપાલ રીતી અગ્રવાલે ઉજવણી અને મોજ મસ્તી સાથે સાથે સાવધાનીનાં વિવિધ પગલાં અંગે પણ વિગતે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે વંચિત બાળકોને ચીક્કી અને ચૉકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# સંબંધોના તાણાવાણામાં મામા નિષ્ફળ શા માટે ?

**જીવન ઉપવન**
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

સ્નેહપૂર્વકનું જ્યાં મધુર બંધન ઊભું થાય તે કહેવાય છે સંબંધ, જેની પ્રાથમિકતામાં જરૂરિયાતો જો હોય તો એ તકલાદી સાબિત થાય છે પરંતુ નિસ્વાર્થ હેત હોય તો એ આજીવન ટકી રહે ઉપરાંત પરસ્પરને જીવવાની પ્રેરણા તથા શક્તિ પૂરી પાડે છે. માનવીય સંબંધોને વાસ્તવમાં સુખ ઉત્પન્ન કરનારાં પરિબળોમાં સૌથી ટોચ પર રહેલાં છે. હેત અને હૂંફ માનવીને માણસ પાસેથી જ પ્રાપ્ત થાય તે સિલસિલો જો કદીક તૂટી પડે તો પણ પ્રશ્નો ઊભા થઈ જતા હોય છે. માણસ સામાજિક પ્રાણી છે કારણકે ઘોડિયાથી શરૂ કરી અંત સુધી કોઈને કોઈનો પ્રેમ તેને મળતો રહે છે, જેમાં પ્રારંભ ઘરમાંથી થાય પછી એ ક્રમમાં સમાજના વિવિધ તબક્કાઓ ઉમેરાતા જાય છે. પ્રેમની શોધપ્રાપ્તિ અને તૃપ્તિ એ માનવ જીવનની સહજ સફર જોવા મળે છે. યુગ ગમે તે હોય માણસ આખરે માણસ છે, તેને એકાંત ગમતું નથી, એકધારૂં જીવન ગમતું નથી, પ્રશંસાહિન કાર્ય ગમતું નથી. માનવને ઈશ્વરે બુદ્ધિ, વેદના, સંવેદના અને ભાષાની વિશેષ બક્ષિસ આપેલી છે. એટલે વાત-વાતમાં સંબંધોમાં દુ:ખ થાય કે સુખનો આભાસ થતો રહે છે. ઘણીવાર સ્વયંની શોધમાં માણસ આખો જન્મારો વિતાવી જાય છે, તો ઘણી વખત કહેવાતા સંબંધો આપતા પાત્રો બે-ચાર વાક્યોમાં જ જીવનનું કડવું સત્ય માથે રેડતા જાય છે. બંધન જે દૃશ્ય નથી, અદૃશ્ય હોવા છતાતં દિલને જકડી રાખે છે તે સંબંધ જીવનને પોષક, પ્રેરક અને પુષ્ટ બનાવી જાય છે. પરિવાર વિના તો કોઈ મનુષ્ય જીવી શકતો નથી. ઈંટ, પથ્થર, રેતીથી મકાન બને પરંતુ ઘર કે જેમાં પરિવાર રહે છે તે માત્ર પ્યારથી જ બને છે. ભૌતિક સુખ, સવલત ભલે ઓછી હોય પરંતુ પ્રેમ કદી કમ ના હોય તેવા વાતાવરણને પરિવાર કહી શકાય. માબાપ તો વિશ્વમાં જીવતા જાગતા ઈશ્વર જેવા છે અને અન્ય સભ્યો એ ઘરમંદિરનાં વાસ્તવમાં પવિત્ર પાત્રો હોય છે. હવે જે પ્રશ્ન મૂંઝવે છે તે એ છે કે મામા તરીકે પુરુષ નિષ્ફળ કેમ થાય છે ?



પરિવારનાં ભાઈ-બહેન પોતપોતાના જીવનમાં ગૃહસ્થના બને ત્યાં સુધી અખૂટ અતૂટ હેત ભાઈ-બહેનના સંબંધમાં અવશ્ય જોવા મળે છે. પરંતુ મોટા થઈ બહેન સાસરે જાય કે ભાઈપરણે અને ભાભી ઘરમાં આવી જાય ત્યાર પછીની એવી કઈ માનસિકતા ઊભી થાય છે કે ભાઈ મામા તરીકેની ભૂમિકામાં મહદંશે તકલાદી સાબિત થાય છે ? આ સવાલ પૂરા સમાજ અને પ્રત્યેક ઘરમાં લાગુ પડે છે. ભાઈની જે લાગણી હોય તે તેના લગ્ન બાદ શું કપાઈ જાય છે કે ભાઈ તરીકે કે બહેનના શુદ્ધ પ્રેમને ભૂલી જાય છે કે એવું શા માટે બને છે કે મામા તરીકે પુરુષ સફળ કેમ રહી શકતો નથી ? માબાપના નાનકડા ઘરમાં આખો પરિવાર પ્રેમથી રહેતો હોય છે જાણે ઘર એક મંદિર, પરંતુ સંતાનો મોટા થઈપ ોતાનાં નિજી જીવનમાં જોડાય છે પછી જ સ્થિતિ અરૂચિકર થઈ જાય છે. આ એક મનોવૈજ્ઞાનિક સમસ્યા છે. બહેન અને ભાઈનો પવિત્ર સંબંધ હંમેશાં પવિત્ર અને મજબૂત જ હોય છે. પરંતુ જીવનમાં મળતા હમસફર પાત્રોની વિચારધારા, લાગણીઓ, અપેક્ષાઓ, તેના વારસાગત ગુણો-અવગુણો, શિક્ષણ સ્તર, સંસ્કાર, ઉછેર વગેરે બહુ જ અસર કરે છે. જેમાં નકારાત્મકતા જો વધુ પ્રાપ્ત થાય તો પુરુષ એટલે કે ભાઈ મામા તરીકેની ફરજ અદા કરવામાં નિષ્ફળ જ જાય છે.

બનેવી કે ભાભી એ બીજા પરિવારમાંથી આજીવન પરિણય પછી પ્રવેશ પામે છે તેથી પારકાને પોતાના બનાવવા માટે હૃદયથી ભાવના-ઊર્મિઓ તથા ઈચ્છાઓ પ્રગટવી અતિ આવશ્યક છે. આ પ્રક્રિયામાં દરેકઘરનાં પાત્રોની વૈચારિક ગુણવત્તા ઉપર ખૂબ મોટો આધાર રહેલો છે.

આપણે રાષ્ટ્રના ઐક્યની ચિંતા કરીએ છીએ પરંતુ બીજી તરફ વૃધ્ધ વડીલો ઘરમાંથી વૃધ્ધાશ્રમોમાં જઈ રહ્યા છે. લગ્ન બાદ ભાઈ બહેનને દિલથી રાખવા ધારે તો રાખી શખતો નતી. સવાલની પીડાના પાયામાં સ્ત્રીપાત્રો પણ ઘણા અંશે જવાબદાર હોય તેવું સ્પષ્ટ જણાય છે. વહુઘેલાના થવું એ પ્રકારની વાત નથી પરંતુ વ્યાવહારિકતાને કઈ રીતે ત્યજી દઈ સંબંધથી પીછેહટ કરવી એ પરત્વે બધાએ વિચારવાની ખૂબ જરૂરત છે. મામાનો અર્થ મા...મા...મા...નો બમણો સ્નેહ જે આપી શકે છે તે વ્યક્તિ કે જે તેના જીવનસાથીના આંધળા સ્નેહમાં સ્વયંની ભૂમિકા મામા તરીકેની ભૂલી જાય છે. દરેક પુરુષ મામાની ભૂમિકામાં પીડા મહેસૂસ કરે છે. દીકરી તુલસીનો ક્યારો છે, એ પારકી થાપણ છે અને માતાનું એ હૃદય છે આ બધી વાતો પ્રત્યેક પરિવારના આંગણે થાય છે. તેમ છતાં સુખ-દુ:ખમાં જ્યારે મા-બાપ હયાત નથી ત્યારે ભાઈ-બહેને પોતપોતાનાં નિર્મળ પ્રેમની રજૂઆતમાં, મદદ કે સહાનુભૂતિમાં આગળ આવવું જ જોઈએ. કદી મામીના કારણે મામા નિ:સહાય થાય એવી સ્થિતિ ઊભી થવી જોઈએ નહીં. પરિવારનું એકમ અંતે સમાજને આકાર આપે છે તે ધ્યાનમાં લઈ બધાનો સ્વીકાર, આવકાર અને પ્યાર પ્રગટે એ સૌના હિતમાં છે.

**શેર આસ્વાદ**

ફક્ત ઠોકર નહીં
ક્યારેક દે છે એ વિસામો પણ
ગમે તે પંથ હો,
પથ્થરનું પણ હોવું જરૂરી છે

## ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) તાજેતરમાં ઈસરોના નવા અધ્યક્ષ પદે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) કે સિવાત
(બી) એમ ગુરુસ્વામી
(સી) એચ ઈ મંગુ
(ડી) વિજયન સ્વામી

(૨) સત્યમ કમ્પ્યુટર કૌભાંડમાં દોષી પ્રાઈસ વોટરહાઉસ પર સેબીએ કેટલા વર્ષનો પ્રતિબંધ લગાવ્યો છે ?
(એ) ૫ વર્ષ (બી) ૧૦ વર્ષ
(સી) ૨ વર્ષ (ડી) ૩ વર્ષ

(૩) જે કે ટાયર સંસ્થાના નવા પ્રમુખપદે કોની વરણી કરાઈ છે ?
(એ) એમ કે પ્રસાદ (બી) રાજીવ પ્રસાદ
(સી) વિજય સાંધવી (ડી) રાજીવ શુક્લા

(૪) ૨૦૧૮ શિયાળુ ઓલિમ્પિક માટે ભારતમાંથી કોને શેફ ડી મિશન નિયુક્ત કરવામાં આવ્યા છે ?
(એ) હરજિન્દરસિંહ (બી) જોગીન્દરસિંહ
(સી) પ્રદિપસિંહ (ડી) પ્રદિપ ઠાકુર

(૫) કઈ કંપનીના સીઈઓ જેફ બેજોસ દુનિયાના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે ?
(એ) ફેસબૂક (બી) ટ્વિટર
(સી) એમેઝોન (ડી) હોટમેઈલ

(૬) તાજેતરમાં બિહારમાં આયોજિત ચોથા આંતરરાષ્ટ્રીય ધર્મ-ધમ્મ સંમેલનનું ઉદ્ઘાટન કોણે કર્યું હતું ?
(એ) રાષ્ટ્રપતિ (બી) વડાપ્રધાન
(સી) ગૃહમંત્રી (ડી) રક્ષામંત્રી

(૭) કયા દેશના પ્રધાનમંત્રીએ મંત્રી મંડળમાં ફેરબદલ કરી ભારતીય મૂળની સાંસદ ઋષિ સુનકનો પોતાના કેબિનેટમાં સમાવેશ કર્યો છે?
(એ) રશિયા (બી) જર્મની
(સી) ઈટાલી (ડી) બ્રિટન

(૮) તુર્કીમાં આયોજિત આંતરરાષ્ટ્રીય સ્કીઈંગ સ્પર્ધામાં કયા ભારતીય ખેલાડીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો ?
(એ) દિવ્ય ઠાકુર (બી) આંચલ ઠાકુર
(સી) અરવિંદ ઠાકર (ડી) સંજય ઠાકર

(૯) સંપૂર્ણ રીતે મહિલા સ્ટાફ સંચાલિત કયા રેલવે સ્ટેશનનું નામ લિમ્કા બૂક ઓફ રેકોર્ડ-૨૦૧૮માં સામેલ કરાયું છે ?
(એ) માટુંગા (બી) કાનપુર
(સી) કોચી (ડી) ચેન્નાઈ

(૧૦) ક્રિકેટર યુસુફ પઠાણને ડોપ ટેસ્ટ મામલે કેટલા મહિના સુધી ક્રિકેટ ન રમવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે ?
(એ) બે મહિના (બી) આઠ મહિના
(સી) દસ મહિના (ડી) પાંચ મહિના